

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-38 ■ તા. 29-9-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# પિતા-પુત્ર બંને CM બનવાની રેસમાંઃ PM




હરિયાણા વિધાનસભા ચૂંટણી પહેલાં દરેક રાજકીય પક્ષો પૂર જોશથી પ્રચાર કરી રહ્યા છે. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ હરિયાણાના હિસારમાં વિશાળ જનસભાને સંબોધિત કરી કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા પર આડકતરી રીતે નિશાન સાધતા કહ્યું કે, 'હરિયાણા કોંગ્રેસમાં પિતા-પુત્ર વચ્ચે જ ઝસ બનવાની રેસ ચાલી રહી છે અને આ રેસમાં તેઓ અન્ય નેતાઓનું પત્તું કાપી રહ્યા છે.'

વડાપ્રધાન મોદીએ જનસભામાં હિમાચલ પ્રદેશનું ઉલ્લેખ કરતા કહ્યું કે, 'હરિયાણાના પાડોસી રાજય હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસનું જુઠ્ઠાણું પ્રજા સામે ખૂલી આવ્યું છે. કોંગ્રેસની સરકારે હિમાચલ પ્રદેશની અર્થવ્યવસ્થાને ધ્વસ્ત કરી દીધું છે. રાજ્યનું વિકાસ અટકી ગયું છે. ત્યાં સરકારી કર્મચારીઓને પગાર આપવા માટે પણ પૈસા નથી. કોંગ્રેસ માત્ર અસ્થિરતા માટે ઓળખાય છે, તે જ્યાં પણ શાસન કરે છે ત્યાં માત્ર ભ્રષ્ટાચાર જ કરે છે.'

પીએમ મોદીએ દાવો કરતા કહ્યું કે, 'હરિયાણામાં કોંગ્રેસનું એ જ હાલ થશે, જે મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં થયું હતું. મધ્યપ્રદેશ અને રાજસ્થાનની ગત ચૂંટણીમાં તેમણે જુઠ્ઠાણાનું ખૂબ મોટું બલૂન ફૂલાવ્યું હતું, પરંતુ પ્રજાએ વોટની ચોટ આપીને તેમના બલૂનની બધી જ હવા નીકાળી દીધી હતી.'

મોદીએ ખેડૂતો મુદ્દે કોંગ્રેસને ઘેરતાં કહ્યું કે, કોંગ્રેસના નેતાઓ ખેડૂતોને માત્ર વોટ બેંક તરીકે જુએ છે, કોંગ્રેસની સરકારે પાણી માટે ખેડૂતોને હંમેશા તરસાવ્યા છે. લોકોએ ભૂલવું ન જોઈએ કે હુડ્ડા સરકાર બે રૂપિયાનું વળતર આપતી સરકાર હતી. હવે કોંગ્રેસ એમએસપી મુદ્દે ખોટું બોલી રહી છે.'

દલિતોનું મુદ્દો ઉઠાવતા પીએમ મોદીએ કહ્યું કે, 'કોંગ્રેસે દલિતો અને પછાત વર્ગના લોકો માટે બારણાં બંધ કરી દીધા છે. કોંગ્રેસ દલિતો મુદ્દે ચૂપ રહે છે. કોંગ્રેસના શાસનમાં દલિત દિકરીઓ સાથે અત્યાચાર થયું, અન્યાય થયું પરંતુ કોંગ્રેસ ચૂપ રહી. દલિતો પર જે અત્યાચાર થયું છે, તેને સમાજ ક્યારેય નહીં ભૂલી શકે.

## વધુ એક ટ્રેન દુર્ઘટના, ઝારખંડમાં બે ડબા પાટા પરથી ખડી પડ્યાં, વંદે ભારત પણ અટવાઈ ગઈ

ઝારખંડના બોકારો શહેરમાં ટ્રેન દુર્ઘટનાના કારણે અપ-ડાઉનની લગભગ ડઝન ટ્રેનોની કામગીરી ખોરવાઈ ગઈ છે. વંદે ભારત ટ્રેનને પણ રોકવામાં આવી છે. દેશના કોઈને કોઈ રાજ્યમાં એક બાદ એક ટ્રેન દુર્ઘટનાના સમાચાર સામે આવતાં જઈ રહ્યાં છે. હવે ઝારખંડના બોકારો શહેરમાં માલગાડીના બે ડબા પાટા પરથી ખડી પડ્યાં છે. આ માલગાડી તુપકાડીહ રેલવે સ્ટેશન નજીક ડીરેલ થઈ છે. ઘટનાના કારણે બોકારો ગોમો રેલવે રુટ પર રેલવે પરિવહન ખોરવાઈ ગયુ છે. બોકારો



શહેરમાં માલગાડીની દુર્ઘટનાના કારણે અપ-ડાઉનની લગભડ ડઝન ટ્રેનોની કામગીરી ખોરવાઈ ગઈ છે. વારાણસીથી રાંચી જતી વંદે ભારત ટ્રેનને પણ ચંદરપુરા રેલવે સ્ટેશન પર રોકી દેવાઈ છે. જે સ્થળે દુર્ઘટના થઈ ત્યાં ઘટના સ્થળે રાહત કાર્ય ચાલુ છે અને દુર્ઘટનાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.દેશના વિભિન્ન ભાગોમાં વધતી ટ્રેન દુર્ઘટનાની ઘટનાઓને રોકવા માટે રેલવેએ નવી પહેલ શરૂ કરી છે. રેલવેએ પહેલી વખત રેલવે ગાર્ડની રચના કરી છે. એક પાયલટ પ્રોજેક્ટના ભાગ તરીકે ભારતીય રેલવેએ ઉત્તર પશ્ચિમ રેલવે (એનડબ્લ્યૂઆર) વિસ્તારમાં આ પહેલ શરૂ કરી છે. રેલવે ગાર્ડ તાત્કાલિક દુર્ઘટના સ્થળ પર પહોંચીને બચાવ કાર્ય કરવામાં સક્ષમ છે.રેલવે મંત્રીએ આ જવાબદારી ઉત્તર પશ્ચિમી રેલવેને આપી છે અને ઈંહ્ર અને મિકેનિકલ ટીમને ૪ અઠવાડિયાની ખાસ ટ્રેનિંગ આપવામાં આવી છે.

## બેંગલુરુની યુવતીના ૫૯ ટુકડાં કરનાર મુખ્ય આરોપીની આત્મહત્યા

બેંગલુરુના મહાલક્ષ્મી હત્યા કેસના મુખ્ય આરોપીએ બુધવારે બપોરે ઓડિશાના ભદ્રક જિલ્લાના એક ગામમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી હતી. પોલીસને તેની પાસેથી એક સુસાઈડ નોટ મળી આવી છે. બેંગલુરુ પોલીસ પણ આરોપીને શોધી રહી હતી.પોલીસના જણાવ્યા અનુસાર મૃતકનું નામ મુક્તિરંજન રોય છે. તેનો મૃતદેહ અરડી પોલીસ ચોકીના ભુઈનપુર ગામ પાસે ઝાડ પર લટકતો મળી આવ્યો હતો. તેની બાઈક પણ ત્યાં પાર્ક કરેલી મળી આવી હતી. સુસાઈડ નોટમાં મુક્તિરંજને મહાલક્ષ્મીની હત્યાની કબૂલાત કરી છે.૨૦ સપ્ટેમ્બરે બેંગલુરુના વ્યાલીકાવલ વિસ્તારમાં બાસપ્પા ગાર્ડન પાસેના ત્રણ માળના મકાનમાંથી ૨૯ વર્ષીય મહાલક્ષ્મીનો મૃતદેહ મળી આવ્યો હતો. તેના શરીરના ૫૯ ટુકડા કરી



રેફ્રિજરેટરમાં રાખવામાં આવ્યા હતા. જ્યારે રૂમમાંથી દુર્ગંધ આવી ત્યારે હત્યાનો ખુલાસો થયો હતો.મહાલક્ષ્મી પરિણીત હતી અને ૪ વર્ષથી તેના પતિથી અલગ રહેતી હતી. બેંગલુરુમાં એક મોલમાં કામ કરતી હતી.

## શ્યામા

"તું તો મારી ફ્રેન્ડ હતી ? તારે શા માટે આવું કરવું પડ્યું? મારી જિંદગી નું કશું જ ના વિચાર્યુ?-શ્યામા રડતી હતી અને એની ફ્રેન્ડ સીમા ને લડતી હતી.

અત્યારે અમદાવાદ માં ચારેકોર નવરાત્રી નો માહોલ છે. આજે ચોથો દિવસ છે.શહેર માં ઉત્સવ નો માહોલ છે.માત્ર પોળ માં રહેતી શ્યામા એન્ડ ફેમિલી પર મુસીબત નો પહાડ તૂટી પડ્યો હતો.શ્યામા ગ્રેજ્યુએટ યુવતી,થોડીક શ્યામ હતી, ઘાટીલી અને સુંદર દેખાવ ધરાવતી સંસ્કારી અને સમજદાર છોકરી હતી.એના પપ્પા ગુણવંતરાય માધ્યમિક સ્કૂલ માં પ્રિન્સીપલ હતા.મમ્મી સારી ગૃહિણી હતી.પરિવાર સાથે જોડાયેલ એક નામ એટલે સીમા.શ્યામા ની ક્લોઝ ફ્રેન્ડ. (અંગત મિત્ર).

ઘરમાં બધા સભ્યો બેઠાછે.એક આરોપી ની જેમ સીમા ઉભી છે.શ્યામા એને પૂછે છે કે તે શા માટે આવું કર્યુ.?

સીમા એ કહેવા નું ચાલુ કર્યુ. પહેલા મારી એક્ટીવા બગડી હતી ત્યારે આ ઈમરાન એક્ટીવા રિપેર ના બહાને મને ગેરજ માં લઈ ગયો બેહોશી વાળું ડ્રિન્ક પીવડાવી મારા અશ્લીલ ફોટા તેને મોબાઈલ માં લઈ લીધા અને પછી મને બ્લેક મેલ કરવા લાગ્યો તે શ્વાસ લેવા અટકી..ફરી ચાલુ કર્યુ..શ્યામા યાદ છે તે મને કીધું હતું કે તને આપનો ફ્રેન્ડ માધવ બહુ ગમે છે.તે ત્રીજા ધોરણ થી તને છોડી ને ગયો હતો.હાલ કેનેડા ની કંપની માં જોબ કરે છે.તેને હું એકલી જ ઓળખું છું ચહેરા થી પણ અને સ્વભાવ થી પણ..તમે કોઈ એને મળ્યા જ નથી.

"મેં તને નવરાત્રી ના ચાર દિવસ પહેલા જેની સાથે ભેટ કરાવી એ ઈમરાન હતો,માધવ નહિ.એને મને કહ્યું હતું કે મારે શ્યામા ના પપ્પા એટલે કે ગુણવંત રાય સાથે બદલો લેવો છે. સ્કુલ માં બધા ની હાજરી માં એક સિગરેટ પીવા ને લીધે મને માર્યો હતો. એ સારી રીતે જાણતો હતો કે શ્યામા એ એના પપ્પા ની લાડકી છે.તને બરબાદ કરવા એને મને બ્લેક મેલ કરી. મારા અશ્લીલ ફોટા મીડિયા માં વાયરલ કરવા ની ધમકી આપી. હું ડરી ગઈ અને તેની સાથે તારી ઓળખાણ -માધવ ના નામ થી કરાવી. અને એને તને પણ વાતો વાતો માં બેહોશી ની દવા પીવડાવી.અને પછી તારી સાથે અપકૃત્ય કર્યુ.એને ખબર છે કે તમે બદનામી ના ડર થી ફરિયાદ નહીં કરો.

"હું તારી બેસ્ટી ના બની શકી..તારી જિંદગી બરબાદ થઇ ગઈ..મને માફ કરી દેજે...કહી ને રડતી ત્યાંથી જતી રહી.

બીજે દિવસે સીમા ના આત્મહત્યા ના સમાચાર ન્યુઝ માં વાંચી..શ્યામા બેવડા આઘાત થી બેહોશ થઇ ગઈ એને દવાખાના માં દાખલ કરવી પડી.

પિતા પોતાની જાત ને કોસતા હતા.મારી ભૂલ ને મારી દીકરીએ ભોગવવી પડી.તે પણ એક સિગરેટ ને લઇ ને ..

એટલા માં એક બ્રાઉન સૂટ પહેરી ને યુવાન આવ્યો." સર,પ્લીઝ મને કહેશો,મિસ શ્યામા ક્યાં છે.."

"પેલા અંદર ના વોર્ડ માં છે.. કહી ને આંગળી ચીંધી." યુવાન ઝડપ થી વોર્ડ માં પહોંચી ગયો.. અને ખિસ્સા માંથી રૂમાલ કાઢી શ્યામા ના આંસુ લુછવા લાગ્યો.

"જો શ્યામા, તારી સાથે જે થયું,બધું જ આ પેપર માં પ્રિન્ટ છે.સીમા એ મરતા પહેલા મારી પાસે વચન માગ્યું હતું કે હું તારી સાથે લગ્ન કરીશ...મને તારા અતીત માં કોઈ રસ નથી..બસ અહીં થી ચાલ ..કેનેડા ..હું માધવ તારો બચપણ નો ક્રશ ..કહી ને તે હસ્યો..સાથે શ્યામા પણ રડતી રડતી હસવા માં જોડાઈ.

તેને હાથ માધવ ના હાથ માં મૂકી દીધો. બારી બહાર થી ચાર આંખો માં ખુશી ના આંસુ હતા.

સમાપ્ત : જયેશ ગાંધી

## ૧૦ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં મુંબઈ ફરી પાણી-પાણી, ટ્રેનો અટકી, માર્ગો જળબંબાકાર



મુંબઈ : મુંબઈમાં છેલ્લા બે દિવસથી શરુ થયેલાં ભારે વરસાદી ઝાપટાઓના સિલસિલામાં સેન્ટ્રલ અને પૂર્વના પરાંઓમાં અતિશય ભારે વરસાદ ખાબક્યો હતો. સાંજ પછી તો સમગ્ર મુંબઈમાં ધુંઆધાર વરસાદ શરુ થઈ ગયો હતો. ભાંડુપ, મુલુંડ, ઘાટકોપર, વિક્રોલી, માનખુર્દ સહિતના વિસ્તારોમાં છથી આઠ ઈંચ કરતાં પણ વધુ વરસાદ પડી જતાં તમામ માર્ગો જળબંબાકાર થઈ ગયા હતા. કુર્લા અને ભાંડુપ સહિતના સ્ટેશનોએ ટ્રેક પર પાણી આવી જતાં સેન્ટ્રલની ટ્રેનો બંધ કરાઈ હતી. જોકે, વેસ્ટર્ન લાઈન પર અડધા કલાક જેવા વિલંબ સાથે ટ્રેનો દોડતી રહી હતી. મુંબઈમાં હવામાન ખાતાંએ ગુરુવાર સવાર સુધીનો રેડ એલર્ટ જાહેર કર્યો છે. આજે બપોર પછી શહેરમાં પરિસ્થિતિ એકાએક વણસી હતી .બપોરના એકાદ વાગ્યા આસપાસ ભાંડુપ, થાણે, મુલુંડમાં ભારે વરસાદ શરુ થયો હતો. સાંજ સુધીમાં તો શહેરના અન્ય વિસ્તારો પણ ભારે વરસાદની ઝપેટમાં આવ્યા હતા. એલબીએસ રોડ, ચેમ્બુર, મુલુંડ સ્ટેશન, ઘાટકાપર , દાદર, પરેલ, સાયનસહિતના વિસ્તારોમાં જોતજોતામાં પાણી ભરાઈ ગયાં હતાં. સૌથી વધુ વરસાદ મુલુંડ વિસ્તારમાં નોંધાયું હોવાનું નાગરિકોએ જણાવ્યું હતું. જોકે, માનખુર્દમાં રાતના આઠ વાગ્યા સુધીમાં જ નવ ઈંચ જેટલો વરસાદ નોંધાય ેહતો. તેના કારણે નીચાણવાળા વિસ્તારો જળબંબાકર બની ગયા હતા. રસ્તાઓ પર જાણે નદીઓ વહેતી હોય તેવાં દ્રશ્યો સર્જાયાં હતાં.

## શિવસેનાના સાંસદ સંજય રાઉતને ૧૫ દિવસની જેલ : માનહાનિના કેસમાં કોર્ટે દોષી જાહેર કર્યા

મુંબઈની મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટે ગુરુવારે ભાજપના ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયાનાં પત્ની ડૉ મેધા સોમૈયા દ્વારા કરવામાં આવેલા માનહાનિના કેસમાં આ મામલે સુનાવણી કરી હતી. શિવસેના (ઋ)ના રાજ્યસભા સાંસદને દોષિત ઠેરવવામાં આવ્યા છે અને સજા ફટકારવામાં આવી છે. કોર્ટે રાઉતને ૧૫ દિવસની જેલની સજા ફટકારી છે. સાથે ૨૫ હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે, જે રાઉત પાસેથી વળતર તરીકે વસૂલવામાં આવશે.રાઉતને ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૦ હેઠળ માનહાનિના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યા છે. મુંબઈની રૂઈયા કોલેજમાં ઓર્ગેનિક કેમિસ્ટ્રીના પ્રોફેસર મેધાએ રાઉત સામે કલમ ૪૯૯ (કોઈપણ પ્રકારના આરોપ લગાવવા અથવા પ્રકાશિત કરવા) અને ૫૦૦ (માનહાનિ) હેઠળ કેસ કરીને કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. રાઉતે તેમના પર અને તેમના એનજીઓ યુવા પ્રતિષ્ઠાન પર ૧૦૦ કરોડના શૌચાલય કૌભાંડનો આરોપ લગાવ્યા હતા.ડૉ. મેધા સોમૈયાએ અરજીમાં આ વાત કહી હતી સોમૈયાએ એડવોકેટ વિવેકાનંદ ગુપ્તા દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં કહ્યું છે કે ૧૫ એપ્રિલ, ૨૦૨૨ અને ત્યાર બાદ રાઉતે મીડિયામાં તેમની વિરુદ્ધ અયોગ્ય નિવેદનો આપ્યાં હતાં.

## વિશ્વનો સૌથી મોટો ચીનનો ડેમ ભારત માટે ખતરો

ચીનમાં બનેલા દુનિયાના સૌથી મોટા બંધ 'થ્રી ગોર્જેસ ડેમ'નું બાંધકામ શરુ થયેલું ત્યારથી આ બંધ ચર્ચામાં રહ્યો છે. ક્યારેક એના વિશાળ કદના કારણે તો ક્યારેક એના થકી ભારતમાં જળસંકટ ઊભું કરવાના ચીનના ઈરાદાને કારણે! હુબેઈ પ્રાંતમાં યાંગત્સે નદી પર બનેલા આ બંધ બાબતે તાજેતરમાં એક અલગ પ્રકારની ચર્ચા શરુ થઈ છે. ચાલો જાણીએ કે, ચિંતાજનક લાગે એવી એ ચર્ચા છે શું?

'થ્રી ગોર્જેસ ડેમ' પ્રભાવિત કરી રહ્યો છે પૃથ્વીના પરિભ્રમણને

'થ્રી ગોર્જેસ ડેમ'ના લીધે પૃથ્વીના પરિભ્રમણની ગતિને અસર થઈ રહી હોવાની ચર્ચા શરુ થઈ છે.

## અમેરિકામાં ફરી મંદિર પર હુમલો, 'હિન્દુઓ પાછા જાઓ'ના સૂત્રો લખ્યાં

અમેરિકાના કેલફોર્નિયામાં હિન્દુ ધર્મના આરાધના સ્થળે મોટો હુમલો કરાયો છે. છેલ્લા ૧૦ દિવસમાં આ બીજી વખત છે જ્યારે આ રીતે કોઈ હિન્દુ ધર્મસ્થાનને નિશાને લેવાયો હોય. આટલું જ નહી પણ આ દરમિયાન સ્વામીનારાયણ મંદિરમાં હિન્દુવિરોધી સૂત્રો પણ લખવામાં આવ્યા હતા. અસામાજિક તત્વોએ તો 'હિન્દુઓ પાછા જાઓ' ના સૂત્રો પણ લખી દીધા હતા. આ ઘટના કેલિફોર્નિયાના સેક્રામેન્ટોમાં બની હતી.અગાઉ આવી ઘટના ન્યુયોર્કમાં આવેલા સ્વામી નારાયણ મંદિરે બની હતી. જેના પરથી કહી શકાય કે અમેરિકામાં હિન્દુમીસિયામાં વધારો થઈ રહ્યો છે. હિન્દુમીસિયા અંગ્રેજીનો શબ્દ છે જેનો ઉપયોગ હિન્દુઓથી નફરતને વ્યાખ્યાયિત કરવા માટે થાય છે. તેને હિન્દુફોબિયા પણ કહી શકાય. જોકે, બંને વચ્ચેનો તફાવત એ છે કે હિન્દુફોબિયાનો અર્થ છે ડર અથવા તેમનાથી અંતર રાખવું. જ્યારે હિંદુમીસિયા એટલે તેમનાથી નફરત કરવી. આ હુમલા અંગે માહિતી સ્વામી નારાયણ મંદિર તરફથી આપવામાં આવી હતી. મંદિર તરફથી જણાવાયું હતું કે, 'ન્યૂયોર્કમાં સ્વામિનારાયણ મંદિર પર હુમલાના ૧૦ દિવસ બાદ આ બીજો હુમલો છે. કેલિફોર્નિયાના સેક્રામેન્ટોમાં સ્વામિનારાયણ મંદિરને નિશાન બનાવાયું છે. આ દરમિયાન 'હિંદુઓ પાછા જાઓ'




કહેતા સૂત્રો લખવામાં આવ્યા હતા. અમે આ નફરત સામે એકજૂટ છીએ અને શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ.

સેક્રામેન્ટોની સ્થાનિક સંસ્થાએ પણ આ હુમલાની પુષ્ટિ કરી હતી. તંત્રનું કહેવું છે કે મંદિરમાં ફક્ત તોડફોડ જ નહોતી કરાઈ પરંતુ ત્યાંની પાઈપલાઈન પણ બદમાશો દ્વારા કાપી નાખવામાં આવી હતી. આ તોડફોડ બાદ મોટી સંખ્યામાં લોકો મંદિરમાં પૂજા માટે પહોંચ્યા હતા.

## તંત્રી સ્થાનેથી..

# પહેલીવાર વિશ્વભરની ફેકટરીમાં કામ કરતા રોબોટ્સની સંખ્યા ૪૦ લાખને પાર

વિશ્વભરના કારખાનામાં કામ કરી રહેલા રોબોટની સંખ્યા ૪૦ લાખને પાર થઇ ચુકી છે. વર્લ્ડ રોબોટિક્સના તાજેતરના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૩માં વિશ્વભરની ફેકટરીઓમાં અંદાજે ૪૨.૮૧ લાખ રોબોટિક યુનિટ કામ કરી રહ્યાં છે.આ સતત ત્રીજું વર્ષ છે, જ્યારે કોઇ ૧ વર્ષમાં કારખાનામાં ૫ લાખથી વધુ રોબોટ્સ તહેનાત કરાયા છે. ૨૦૨૩માં અંદાજે ૫,૪૧,૩૦૨ રોબોટ્સ તહેનાત કરાયા હતા. ૨૦૨૨માં આ આંકડો ૫,૫૨,૯૪૬ હતો. આ દૃષ્ટિએ ૨૦૨૩માં તહેનાત કરાયેલા રોબોટની સંખ્યામાં ઘટાડો થયો છે.આ વર્ષે તહેનાત કુલ રોબોટમાં સૌથી વધુ ૭૦% એશિયાના કારખાનામાં તહેનાત કરાયા છે. યુરોપમાં ૧૭% અને અમેરિકામાં ૧૦% નવા રોબોટ્સ તહેનાત કરાયા છે. ઈન્ટરનેશનલ ફેડરેશન ઑફ રોબોટિક્સ અનુસાર ૨૦૨૫ થી ૨૦૨૭ સુધી વાર્ષિક રોબોટ ઈન્સ્ટોલેશનમાં ૪%નો વધારો થયો છે.

વિશ્વ: ચીનમાં સર્વાધિક ૨.૭૬ લાખ રોબોટ્સ તહેનાત વિશ્વના ટોપ-૫ રોબોટ માર્કેટમાં જર્મની ઉપરાંત તમામ દેશોમાં ૨૦૨૨ની તુલનામાં રોબોટ ઈન્સ્ટૉલેશનમાં મામૂલી ઘટાડો થયો છે. ચીનમાં ગત વર્ષે ૨,૭૬,૨૮૮ રોબોટ્સ તહેનાત કરાયા છે. તે વિશ્વમાં કુલ ઈન્સ્ટૉલેશનના ૫૧% છે. ચીનમાં એક દાયકામાં રોબોટનો ઉપયોગ ૧૩ ગણો વધ્યો છે. ચીન બાદ જાપાનમાં સૌથી વધુ ૪૬,૧૦૬ રોબોટ્સ તહેનાત કરાયા છે.

# ગાંધીનગરના સરગાસણ ચોકડી પાસેથી ભૂસ્તર તંત્રની ટીમે રોયલ્ટી પાસ વગરનું રેતી ભરેલું ડમ્પર ઝડપી પાડયું




ગાંધીનગર જિલ્લામાં ખનીજ ચોરીને અટકાવવા માટે જિલ્લા કલેકટર મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ ભૂસ્તર કચેરી દ્વારા ટીમો સક્રિય કરવામાં આવી છે. ખનીજ ચોરી કરતાં ઈસમો પર ભૂસ્તરની ટીમ બાજ નજર રાખી રહી છે. આજે ભુસ્તરની ટીમ દ્વારા સરગાસણ સર્કલ નજીકથી રોયલ્ટી પાસ વગર સાદી રેતી ખનિજ લઇ જતાં ડમ્પરને પકડી પાડ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં કલેકટર મેહુલ દવેએ ખનીજ ચોરી કરતાં ઈસમો સામે બાયો ચઢાવી છે. પર્યાવરણને ખનીજ ચોરી કરીને નુકશાન કરતાં અને રોયલ્ટી ચોરીને અટકાવવા માટે જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ ભૂસ્તર કચેરીના અધિકારી પ્રણવસિંહ દ્વારા વિવિધ ટીમો બનાવવામાં આવી છે. જિલ્લામાં છેલ્લા થોડાક સમયથી આ ટીમોની બાજ નઝરના કારણે ખનીજ ચોરી કરતા ભૂમાફિયાઓમાં ફફડાટ ફેલાઇ ગયો છે.

ખનીજ ચોરી કરતાં અનેક વાહનો એકબાદ એક ચેકિંગ દરમ્યાન આ ટીમો દ્વારા પકડી પાડવામાં આવી રહ્યા છે. આજે ગાંધીનગર ભૂસ્તરની ટીમ દ્વારા સરગાસણ ચોકડી પાસેથી ડમ્પર પસાર થઇ રહ્યું હતું. તેને ભૂસ્તરની ટીમ દ્વારા ચેકિંગ માટે અટકાવવામાં આવ્યું હતું. આ ડમ્પર રોયલ્ટી પાસ વગર ૨૯ મે.ટન કરતાં વધુ સાદી રેતી ખનિજનું બિન અધિકૃત વહન કરતું માલૂમ પડ્યું હતું. જે ડમ્પરને ટીમ દ્વારા જપ્ત કરવામાં આવ્યું છે.

ડમ્પરના વાહન ચાલકના નિવેદન લઇને ડમ્પર દ્વારા જે સ્થળેથી સાદી રેની ખનિજ ભરી છે, જે સ્થળે આ સાદી રેતી ખાલી કરવાની હતી. તે વિસ્તાર ખાતે સ્થળ તપાસની કાર્યવાહી ટીમ દ્વારા કરવામાં આવી રહી છે. તે ઉપરાંત ગઈકાલે ડભોડા ગામના તલાટી કમ મંત્રી દ્વારા ડભોડા ખાતેથી રોયલ્ટી પાસ વગર સાદી રેતી ખનિજના બિન અધિકૃત વહન કરતું એક ટ્રેકટર પકડી પાડવામાં આવ્યું હતું.

# નોકરીથી ઘરે જતા યુવકને અકસ્માત નડ્યોઃ કલોલના સઈજ ગામે ચાલીને જઈ રહેલા યુવકને ટ્રકે અડફેટે લીધો

ગાંધીનગર જિલ્લાના રાઠોડા ભોયણ ગામે રહેતા જીતેન્દ્ર ભગવતસિંહ ચૌહાણ ગઈકાલે રાત્રે ૧૧.૦૦ વાગે ઝુંડાલથી નોકરી કરી ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન સઈજ ઓવર બ્રિજ પાસેના સર્વિસ રોડ પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે પૂર ઝડપે આવેલ કોઈ અજાણ્યા ટ્રક ચાલકે અડફેટે લેતા જીતેન્દ્રસિંહ ચૌહાણ નીચે પટકાયા હતા. જેથી તેઓને શરીરે ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર અર્થ ગાંધીનગર સીવીલ હોસ્પીટલ લઈ જવામાં આવ્યા હતા. ત્યાં તેઓની હાલત ગંભીર હોય ત્યાથી વધુ સારવાર અર્થ અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેઓનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. આ અકસ્માત સર્જનાર અજાણ્યો ટ્રક ચાલક ટ્રક લઈ ફરાર થઈ ગયો હતો.

આ બનાવ અંગે કલોલ તાલુકા પોલીસ સ્ટેશને મરણ જનરના કાકા પરબતસિંહ મનુસિંહ ચૌહાણ કલોલ તાલુકા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ટ્રક ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી કાયદેયસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લાના રાઠોડા ભોયણ ગામે રહેતા જીતેન્દ્ર ભગવતસિંહ ચૌહાણ ગઈ કાલે રાત્રે ૧૧ ૦૦ કલાકે ઝુંડાલ ખાતે ખાનગી સિક્યુરિટીમાં નોકરી કરી રાત્રે ઘરે જવા માટે ખાનગી વાહનમાં સઈજ ઓવર બ્રિજ જોગણી માતાના મંદિર પાસે ઉતરી આ બ્રિજ પાસેના સર્વિસ રોડ પર આવેલ 'દ્વસ્ઝ જીજીએસ પાસેના સર્વિસ રોડ ચાલતા જતાં હતા. તે સમય પૂર ઝડપે આવેલ કોઈ અજાણ્યા ટ્રક ચાલકે તેમને ટક્કર મારતા તેઓ નીચે પટકાતા તેઓને શરીરે ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર અર્થ સીવીલ હોસ્પીટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું આ ગાડી મૂકી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માત સર્જનાર અજાણ્યો ટ્રક ચાલક ટ્રક લઈ ફરાર થઈ ગયો હતો.

# હવે પેરાસિટામોલ લેવી પણ જોખમી : ૫૩ દવા ક્વોલિટી ટેસ્ટમાં ફેઇલ

પેરાસિટામોલ સહિત ૫૩ દવા ક્વોલિટી ટેસ્ટમાં ફેઇલ ગઈ છે. વિટામિન્સ, શુગર અને બ્લડપ્રેશરની દવાઓ ઉપરાંત એન્ટીબાયોટિક્સ પણ સામેલ છે. દેશની સૌથી મોટી ડ્રગ રેગ્યુલેટરી સંસ્થા સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (ઊજીહ્રર્જી)એ એની યાદી બહાર પાડી છે.પ્રતિબંધિત દવાઓની યાદીમાં ખેંચ આવવી અને એન્ઝાઈટીમાં વપરાતી ક્લોનાઝેપામ ટેબ્લેટ, પેઇનકિલર ડિક્લોફેનાક, શ્વાસસંબંધી રોગો માટે વપરાતી એમ્બ્રોક્સોલ, ફંગલવિરોધી ફ્લુકોનાઝોલ અને કેટલીક મલ્ટીવિટામિન અને કેલ્શિયમની ટેબ્લેટ્સનો પણ સમાવેશ થાય છે.આ દવાઓ હેટેરો ડ્રગ્સ, એલ્કેમ લેબોરેટ્રીઝ, હિન્દુસ્તાન એન્ટીબાયોટિક્સ લિમિટેડ (ઊઁછન), કર્ણાટક એન્ટીબાયોટિક્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ જેવી મોટી કંપનીઓ દ્વારા બનાવવામાં આવે છે.

૫૩ દવાની યાદી બહાર પાડી પેટના ચેપ માટે આપવામાં આવતી દવા મેટ્રોનિડાઝોલ પણ આ ટેસ્ટમાં ફેઇલ થઈ છે, જે હિન્દુસ્તાન એન્ટીબાયોટિક્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવે છે. એ જ રીતે ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ્સની શેલ્કલ ટેબ્લેટ પણ ટેસ્ટમાં ફેઇલ ગઈ છે. ૫૩ દવાની યાદી બહાર પાડી છે, જે ટેસ્ટમાં ફેઇલ ગઈ છે, જેમાંથી ૫ દવા નકલી હતી, એટલે કે દવા બનાવતી કંપનીઓએ કહ્યું હતું કે આ તેમની દવાઓ નથી, બલકે તેમના નામે નકલી દવાઓ બજારમાં વેચાઈ રહી છે.




ઓગસ્ટમાં ૧૫૬ ફિક્સ ડોઝ કોમ્બિનેશન દવાઓ પર પ્રતિબંધ કેન્દ્ર સરકારે આ વર્ષે ઓગસ્ટમાં ૧૫૬ ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન દવાઓ પર પ્રતિબંધ મૂક્યો છે. તાવ અને શરદી ઉપરાંત આનો સામાન્ય રીતે પેઇનકિલર, મલ્ટી-વિટામિન્સ અને એન્ટીબાયોટિક્સ તરીકે ઉપયોગ થતો હતો.સરકારે કહ્યું હતું કે એના ઉપયોગથી મનુષ્યો માટે ખતરાની સંભાવના છે, તેથી દેશભરમાં આ દવાઓનાં ઉત્પાદન, વપરાશ અને વિતરણ પર પ્રતિબંધ રહેશે.ડ્રગ્સ ટેક્નિકલ એડવાઇઝરી બોર્ડની ભલામણો પર સરકારે આ આદેશ જાહેર કર્યો છે. બોર્ડે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે આ હ્લડ્ઢઝ્ર દવાઓમાં હાજર ઘટકો માટે કોઈ મેડિકલ સમર્થન નથી.એક ગોળીમાં એક કરતાં વધુ દવાઓનું મિશ્રણ કરીને બનાવવામાં આવતી દવાઓને ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન ડ્રગ્સ (હ્લડ્ઢઝ્ર) કહેવામાં આવે છે, આ દવાઓ કોકટેલ દવાઓ તરીકે પણ ઓળખાય છે.વાળની ??સારવાર, સ્કિનકેર અને એન્ટી-એલર્જિક દવાઓનો પણ સમાવેશ કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા આદેશ અનુસાર, એમિલેઝ, પ્રોટીઝ, ગ્લુકોએમિલેઝ, પેક્ટિનેઝ, આલ્ફા ગેલેક્ટોસિડેઝ, લેક્ટેઝ, બીટા-ગ્લુકોનેઝ, સેલ્યુલેઝ, લિપેઝ, બ્રોમેલેન, ઝાયલેનેઝ, હેમિસેલ્યુલેઝ, માલ્ટ ડાયસ્ટેઝ, ઈન્વર્ટેઝ અને પેપેઇનના ઉપયોગથી જોખમ થવાની શક્યતા છે.

### જન્મ-મૃત્યુ નોંધણી અને બર્થ ડેટમાં સુધારો સરળ બનશે

# નામમાં 'ઉર્ફે' શબ્દનો ઉપયોગ કરી જન્મના પ્રમાણપત્રમાં બે નામ લખી શકાશે

રાજ્ય સરકારે જન્મ અને મૃત્યુ સમયે નોંધાયેલા નામ તથા બર્થ ડેટમાં ફેરફાર કરવા માટે એક પરિપત્ર જારી કર્યો છે. આ નિર્ણય બાદ જન્મ-મૃત્યુ નોંધણી અને બર્થ ડેટમાં સુધારો સરળ બનશે. તેમજ જન્મ અને મરણના રજિસ્ટરમાં નામ તથા જન્મ તારીખ સુધારણા માટેની અરજી પર નિર્ણય કરતી વખતે જન્મ અને મરણ નોંધણીના સંબંધિત રજિસ્ટ્રારે આ બાબતોની નોંધ લેવી પડશે.ગુજરાત સરકારે જન્મ-મરણ અંગે સેન્ટ્રલ ગવર્નમેન્ટની એડવાઈઝરી હતી એ એડોપ્ટ કરી હતી. પરંતુ એમાં ઘણા પેટા નિયમ ઉમેરવાના બાકી હતા. તેમજ કેટલીક બાબતો ઉમેરવાની રહી ગઈ હોવાની ધ્યાને આવી હતી. તેમજ જન્મ અને મરણ અંગે બીજી નાની-મોટી એડવાઈઝરી ભેગી કરીને આ પરિપત્ર બનાવ્યો છે જેથી લોકોને થતી નાની-મોટી તકલીફ દૂર થાય અને ઝડપથી નિરાકરણ આવી



શકે.નામ સુધારણાની અરજીનો નિર્ણય કરતી વખતે સંબંધિત રજિસ્ટ્રારે અરજદારની અન્ય ઓળખની વિગતો પિતાનું નામ, છેલ્લું નામ, અટક કે જન્મ તારીખ અથવા કોઈ એક કે તેમાંની કેટલીક વિગતો બદલવાની માંગ કરી છે કે નહીં તે બાબતો ધ્યાનમાં રાખવાની રહેશે. સંબંધિત રજિસ્ટ્રારે અરજી સાથે આપેલા ફોટો આઈડી કે અન્ય ઓળખના દસ્તાવેજોને ધ્યાનમાં રાખવાના રહેશે.અરજદારે આપેલા પુરાવાની ખરાઇ કર્યા બાદ, રજિસ્ટ્રારને સત્યતાની ખાતરી થાય તો નામમાં ફેરફારના સંદર્ભે 'ઉર્ફે' શબ્દનો ઉપયોગ કરી શકે છે અને જન્મ નોંધણીની નોંધની કોલમમાં જરૂરી નોંધ કર્યા પછી જન્મના પ્રમાણપત્રમાં બન્ને નામો લખવાનાં રહેશે. જો અરજદારને 'ઉર્ફે' શબ્દનો સ્વીકાર ન હોય તો, અરજદાર દ્વારા આપવામાં આવેલા પુરાવાની ફરી ખરાઇ કર્યા બાદ રજિસ્ટ્રારે કરવાના થતા ફેરફાર જન્મ રજિસ્ટરના જન્મ નોંધણીની નોંધની કોલમમાંબન્નેનામનોઉલ્લેખસુધારાની તારીખ સાથે કરવાનો રહેશે.

# દિલ્હી અને પંજાબમાં તમારા પુત્રની સરકાર, હરિયાણા વચ્ચે આવે છે, તમારા પુત્રને પણ અહીં સેવા કરવાની તક આપો... : કેજરીવાલ



નવી દિલ્હી,

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ૩ દિવસના હરિયાણાના ચૂંટણી પ્રવાસ પર છે. બુધવારે તેમણે હરિયાણાના મહેમ વિધાનસભા ક્ષેત્રમાં એક જનસભાને સંબોધી હતી. જેમાં તેણે કહ્યું કે, હું મહામનો ભત્રીજો છું. મારા કાકા અહીં રહે છે. ગઈ કાલે હું હિસારમાં હતો. અહીંથી જ મેં ૧૧મું અને ૧૨મું કર્યું. ભણવામાં ખૂબ જ હોશિયાર હતો. કુરુક્ષેત્રને ૭૬મું સ્થાન મળ્યું છે. ૧૨મા પછી હું ઁમાં ગયો. તમારા આ પુત્રે હરિયાણાને સમગ્ર વિશ્વમાં ગૌરવ અપાવ્યું છે. આજે દિલ્હી અને પંજાબમાં તમારા પુત્રની સરકાર છે. હરિયાણા વચ્ચે આવે છે. તમારા પુત્રને પણ અહીં સેવા કરવાની તક આપો કેજરીવાલે જનસભામાં ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેણે કહ્યું કે હવે આ બદમાશોએ મને જેલમાં મોકલી દીધો છે. મને બહુ તકલીફ આપી. હું સુગરનો દર્દી છું. તેઓએ મારા ઈન્સ્યુલિનના ઈન્જેક્શન બંધ કરી દીધા. તેમને લાગતું હતું કે તેઓ કેજરીવાલને તોડી નાખશે. તેઓ જાણતા નથી કે તે હરિયાણાનો છોકરો છે. મારો વાંક એટલો જ છે કે હું ૧૦ વર્ષથી દિલ્હીના લોકો માટે ઈમાનદારીથી કામ કરી રહ્યો છું.

કેજરીવાલે કહ્યું કે, જ્યારે હું દિલ્હીનો મુખ્યમંત્રી બન્યો ત્યારે જંગી વીજળી કાપ લગાવવામાં આવ્યો હતો. હવે ૨૪ કલાક વીજળી છે. વીજળીનું બિલ શૂન્ય છે. એક પુરુષ પૈસા લાવે છે અને તેની પત્નીના હાથમાં મૂકે છે, તે સ્ત્રીઓએ જ ઘર ચલાવવાનું હોય છે. હરિયાણાના લોકોને શૂન્ય વીજળી જોઈએ છે કે નહીં? કેજરીવાલે કહ્યું કે ભાજપના નેતાઓ મોટા મોટા વચનો આપશે. કહેશે કે ૩૦૦ યુનિટ મફત વીજળી આપવામાં આવશે. આટલા બધા રાજ્યોમાં તેમની સરકાર છે, શું તેમણે કોઈ એક રાજ્યમાં મફત વીજળી આપી? આ લોકો કહે છે કે કેજરીવાલ ચોર છે. ભાજપ શાસિત રાજ્યો હરિયાણા, ગુજરાત, યુપી, મધ્યપ્રદેશમાં દરેક જગ્યાએ વીજળી મોંઘી છે. વીજળી મોંઘી કરનાર તે છે કે જે તેને મફત બનાવે છે? આમ આદમી પાર્ટીના નેતાએ કહ્યું કે મહેમમાં ત્રણ સરકારી શાળાઓ છે, તે તમામની હાલત ખરાબ છે. દિલ્હીમાં પણ આવી જ સ્થિતિ હતી. હવે ત્યાંની સરકારી શાળાઓ એટલી સારી બની ગઈ છે કે મોટા લોકો પોતાના બાળકોને પ્રવેશ અપાવી રહ્યા છે. દિલ્હી અને પંજાબની સરકારી હોસ્પિટલોમાં સુધારો કરવામાં આવ્યો છે. મોહલ્લા ક્લિનિક ખોલ્યા. ત્યાં દરેકની સારવાર મફત છે.ભાજપ પર પ્રહાર કરતા કેજરીવાલે કહ્યું કે તેમની સાત પેઢીઓ બેસીને ખાય છે. હવે તેમના બાળકોને ટિકિટ મળી રહી છે. અહીં કોઈનો પુત્ર ચૂંટણી લડી રહ્યો છે. વિકાસ નેહરા (આપ ઉમેદવાર)નો શું વાંક છે? તેના પિતા નેતા નથી. મારા પિતા પણ નેતા ન હતા. દિલ્હીમાં લોકો ફરે છે. દિલ્હીના લોકો કહે છે કે કેજરીવાલ કંઈ પણ હોઈ શકે પણ ચોર ન હોઈ શકે. તેમણે કહ્યું કે, જેલમાંથી બહાર આવ્યા બાદ મેં રાજીનામું આપી દીધું છે. કેજરીવાલ ચોર છે કે નહીં તે જનતા નક્કી કરશે. કેજરીવાલ તમને પાંચ ગેરંટી આપી રહ્યા છે. હું વીજળી મુક્ત કરીશ. હું જૂના બાકી બિલ માફ કરીશ. અદભુત હોસ્પિટલ બનાવશે. મફત સારવાર થશે. મોહલ્લા ક્લિનિક ખોલશે. ઉત્તમ સરકારી શાળાઓનું નિર્માણ કરશે. ૧૮ વર્ષથી વધુ ઉંમરની તમામ માતાઓ અને બહેનોને તેમના ખાતામાં દર મહિને ૧૦૦૦ રૂપિયા મળશે.

# તિરુપતિ મંદિરમાં પ્રસાદ વિવાદ બાદ હવે મંદિરો પર સરકારના નિયંત્રણને લઈને સવાલો ઉઠી રહ્યા

નવી દિલ્હી,

તિરુપતિ મંદિરમાં પ્રસાદ વિવાદ બાદ હવે મંદિરો પર સરકારના નિયંત્રણને લઈને સવાલો ઉઠી રહ્યા છે. વિશ્વ હિંદુ પરિષદે મંગળવારે દેશભરના મંદિરોને સરકારી નિયંત્રણમાંથી મુક્ત કરવાનો સંકલ્પ કર્યો હતો અને કહ્યું હતું કે તે આ લક્ષ્યને હાંસલ કરવા માટે ટૂંક સમયમાં દેશવ્યાપી અભિયાન શરૂ કરશે. પત્રકારોને સંબોધતા ફઁૐના મહાસચિવ સુરેન્દ્ર જૈને કહ્યું કે જો રાજ્ય સરકારો મંદિરોને હિંદુ સમુદાયને નહીં સોંપે તો સંગઠન કોર્ટમાં પણ જશે. તેમણે કહ્યું કે મંદિરોને સરકારી નિયંત્રણમાંથી મુક્ત કરવા માટે, દરેક રાજ્યમાં પ્રથમ પ્રદર્શન અને આંદોલન કરવામાં આવશે અને તેઓ સંબંધિત મુખ્ય પ્રધાનો અને રાજ્યપાલોને તેમનું મેમોરેન્ડમ સુપરત કરશે. જૈને કહ્યું કે રાજ્ય સરકારો દ્વારા મંદિરોને પોતાના નિયંત્રણમાં રાખવા એ બંધારણનું ઉલ્લંઘન છે અને અદાલતો વારંવાર કહી રહી છે કે મંદિરો ચલાવવાનું કામ સરકારોનું નથી.

તેમણે કહ્યું કે આંધ્રપ્રદેશમાં તિરુપતિ મંદિર એકમાત્ર એવું મંદિર નથી જ્યાંથી 'પ્રસાદ' બનાવવામાં પ્રાણીઓની ચરબીનો ઉપયોગ થતો હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ પહેલા કેરળના સબરીમાલા મંદિરમાંથી પણ ફરિયાદ આવી હતી. તેમણે કહ્યું કે દેશભરમાં રાજ્ય સરકારો દ્વારા નિયંત્રિત મંદિરની મિલકતોમાં નાણાકીય અનિયમિતતાના અહેવાલો છે. તમિલનાડુ અને રાજસ્થાનનું ઉદાહરણ આપતા જૈને કહ્યું કે તમે જોઈ શકો છો કે આ રાજ્યોમાં મંદિરની સંપત્તિનો કેવી રીતે દુરુપયોગ કરવામાં આવ્યો છે. તામિલનાડુ સરકાર પર છેલ્લા ૧૦ વર્ષમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાની ગેરરીતિ આચરવાનો આરોપ લગાવ્યો. જ્યારે રાજસ્થાનની અગાઉની અશોક ગેહલોત સરકાર પર મંદિરની જમીન ઈદગાહને આપવાનો આરોપ હતો. જૈને કહ્યું, જ્યારે લઘુમતીઓ તેમની સંસ્થાઓ ચલાવી શકે છે તો હિન્દુઓ કેમ નહીં, તેમણે કહ્યું કે, બંધારણની કલમ ૨૫ અને ૨૬ અમને અમારી સંસ્થાઓ ચલાવવાની મંજૂરી આપે છે. તિરુપતિ લાડુ વિવાદ પર, ફઁૐએ માંગ કરી હતી કે આ મામલે ન્યાયિક તપાસ કરવામાં આવે અને પ્રસાદમની અપવિત્રાતામાં સામેલ લોકોને સખત સજા આપવામાં આવે.

# અમેરિકાના લોસ એન્જલસમાં બસ હાઈજેક, પોલીસે હાઈજેક કરાયેલી બસને ઘેરી લેતા બસ ડ્રાઈવર બારીમાંથી કૂદીને ભાગ્યો

લોસ એન્જલસ (અમેરિકા),

હાલમાં અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીના પ્રચાર વચ્ચે બસ હાઈજેકની એક ઘટના સામે આવી છે. લોસ એન્જલસમાં એક બસને હાઈજેક કરવામાં આવી છે. પોલીસે હાઈજેક કરાયેલી બસને ચારે બાજુથી ઘેરી લીધી છે. બસના ડ્રાઈવર અને મુસાફરોને બસની અંદર રાખવામાં આવ્યા છે. ઓનલાઈન તસવીરો દર્શાવે છે કે જીઉછ્ ટીમ ઘટના સ્થળે હાજર છે. જોકે, એવું કહેવામાં આવી રહ્યું છે કે ડ્રાઈવર બારીમાંથી કૂદીને ભાગવામાં સફળ રહ્યો હતો. પોલીસે બસને ઘેરી લીધી છે. પોલીસ પણ શંકાસ્પદ સાથે સતત વાત કરી રહી છે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું